listed on SME platforms and Gunjan Choksi, director

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ

જમાલપુર ફાયર સ્ટેશન (હેડઓફિસ), ફ્લાય ઓવરબ્રીજ પાસે, જમાલપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧
ફોન નં. ૦૭૯-૨૨૧૪૮૪૬૫/૬૬/૬૭/૬૮ તેમજ ૧૦૧ ઈ-મેલ: afes@ahmedabadcity.gov.in

## જાહેર નોટીસ

# અમદાવાદ શહેરની જાહેર જનતા ને જાણવા જોગ

આથી અમદાવાદ શહેરની જાહેર જનતા ને જણાવવાનું કે, તા. ૧૫ ડીસેમ્બર, ૨૦૨૩ ના રોજ ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાત ફાયર સેફટી કમ્પ્લાયન્સ પોર્ટલ (ગુજરાત ફાયર સેફટી કોપ) નું અનાવરણ કરવામાં આવ્યું છે. આ પોર્ટલનો ઉદ્દેશ રાજ્યભરમાં ફાયર સેફટી ફ્રેમ વર્કને મજબૂત કરવાનો છે. આ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા તા. ૧૩ ડીસેમ્બર, ૨૦૨૩ના રોજ ગેઝેટ બહાર પાડવામાં આવેલ છે. આ ગેઝેટ **https://gujfiresafetycop.in/content/regulations** વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

જુના રેગ્યુલેશન રદ થઈ નવા રેગ્યુલેશન તા. ૧૩ ડીસેમ્બર, ૨૦૨૩ના રોજ થી અમલીકરણ કરવામાં આવેલ છે સમગ્ર ગુજરાતમાં ફાયર સેફટી સર્ટીફીકેટ એક સમાન એક જ પોર્ટલ થકી કરવામાં આવશે.

- બિલ્ડીંગમાં ફાયર સેફટીનું પ્લાન (**FSPA**) મંજુર કરવા અને **NOC** (જે હવે નવું નામ ફાયર સેફટી સર્ટિફિકેટ એપ્રુવલ) મંજુરી (**FSCA**) ફાયર વિભાગ દ્વારા અપાશે.
- ફાયર સેફટી સર્ટિફિકેટ રીન્યુઅલ (**FSCR**) ગુજરાત સરકારશ્રી દ્વારા તાલીમ પામેલ ક્વોલીફાઈડ ફાયર સેફટી ઓફિસર (**FSO**) દ્વારા જ ઓનલાઈન પોર્ટલ થકી કરવામાં આવશે.
- ફાયર સેફટી સર્ટિફિકેટ રીન્યુઅલ (**NOC રીન્યુઅલ**) કરાવવા જવાબદારી ફકત ને ફકત જે તે પ્રીમાઈસીસના માલિકો/ હોદેદારો/ સંચાલકો/ કબજેદારો ની જ રહેશે.

હવે પછીથી ફાયર સેફટી સર્ટિફિકેટ મેળવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ થકી કાર્યરત ઓનલાઈન પોર્ટલ **https://ahmedabadcity.gov.in/AMCFIRE/UserLogin.aspx** બંધ કરવામાં આવેલ છે. હવે પછીથી **FIRE SAFETY PLAN APPROVAL (FSPA), FIRE SAFETY CERTIFICATE APPROVAL (FSCA)** અને **FIRE SAFETY CERTIFICATE RENEWAL (FSCR)** માટે ઓનલાઈન અરજી ગુજરાત રાજ્ય સરકારશ્રીના પોર્ટલ **https://gujfiresafetycop.in** પર કરવાની રહેશે. અને અરજદારે જો અરજી કરવામાં કોઈ મુશ્કેલી જણાય તો ગુજરાત સરકારશ્રીના હેલ્પ ડેસ્ક નં. ૦૭૯૨૩૨૫૭૦૨૨ તથા ૦૭૯૨૩૨૫૭૦૪૦ પર સંપર્ક કરવાનો રહેશે અથવા **helpdeskfscop@gmail.com** ઈમેઈલ આઈડી પર પોતાની કવેરી મોકલી શકે છે. હવે પછીથી ફાયર વિભાગ તરફથી ફાયર સેફટી સર્ટીફીકેટ રીન્યુઅલ (**FSCR**) કરવામાં આવનાર નથી. જો તેમ કરવામાં જો કોઈ ચૂક થશે અને સમયસર ફાયર સેફટી સર્ટીફીકેટ મેળવવામાં નહિં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે માલિકો/ હોદેદારો/ સંચાલકો/ કબજેદારો ની રહેશે.

**ડે. મ્યુનિસિપલ કમિશ્નર (ફાયર)**
**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**